ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# બ્યુરોક્રેસીમાં હવે 'ફોરેન ટુરની મોસમ ચીફ મિનિસ્ટર ઓસ્ટ્રેલિયા પ્રવાશે જશે

## લિડર બદલાય એટલે કામ કરવાની પદ્ધતિમાં પણ પરિવર્તન આવે છે

### ટાઈમ લાઈન

**- ગૌતમ પુરોહિત**

ગતિશીલ ગુજરાતના નિર્ધારિત કરેલા ૧૦૦ દિવસ પૂર્ણ થાય એટલે સરકારની દિશા બદલાઈ જશે એ નક્કી છે કારણ કે સાતમી વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ઓગષ્ટ મહિનાથી જ ઓફિસરો સાથે ઉદ્યોગજૂથોના પ્રતિનિધિઓ વિદેશ જવાની તૈયારીમાં લાગી જવાના છે. રાજયના મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ હોદો સંભાળ્યા પછીની પહેલી વિદેશી સફર કરવાના છે. તેઓ આ મહિનામાં જ ઓસ્ટ્રેલિયા જવાના છે. તેમની સાથે બિઝનેસ લિડર્સ અને બ્યુરોક્રેટ્સ જોડાશે. ચીફ મિનિસ્ટર ઓસ્ટ્રેલિયામાં મોટા બંદરો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિલેટેડ નેજેક્ટોની મુલાકાત લેવાના છે.

રાજયના ફાયનાન્સ અને એનર્જી મિનિસ્ટર સૌરભ પટેલ ચાઈના અને જાપાનની મુલાકાત લેવાના છે. સચિવાલયના સૂત્રો તરફથી પ્રાપ્ત માહિતી -માણે સિનિયર ઉચ્ચ અધિકારીઓ પૈકી જે.એન.સિંઘ ફ્રાન્સ-જર્મની-સ્વિટ્ઝર્લેન્ડ, એલ. ચુઆંગો સિંગાપુર-ચાઈના-હોંગકોંગ, હસમુખ અઢિયા યુએસએ-કેનેડા-તૈવાન, લોચન સેહરા સાઉથ આફ્રિકા-મોઝામ્બિક-ઈથિયોપિયા-ઘાના, એસ.જે.હૈદર સાઉથ કોરિયા-તૈવાન, એ.કે.રાકેશ સ્વિડન-ફિનલેન્ડ તેમજ જી.સી.મુર્મુ કઝક રિપબ્લિક-હંગેરી-પોલેન્ડ-કઝાકિસ્તાન અને રશિયા જશે, જયારે બી.બી.સ્વૈન ઈરાક-કતાર-યુએઈ જવાનું પ્લાનિંગ કરી રહ્યાં છે. બીજા ઓફિસરો યુકે, ડેન્માર્ક, કેનેજા અને યુએસએ જઈ રહ્યાં છે. ઓફિસરો માટેનો આ ટેન્ટેટીવ પ્રોગ્રામ છે, જેમાં ચેઈન્જ થઈ શકે છે. ગુજરાત સરકારની બ્યુરોક્રેસીમાં હવે ફોરેન ટુરની મોસમ ખીલી ઉઠી છે...

**વિકાસમાં ધીમી ગતિ હોય, એવું પણ બને...**

કોઈપણ રાજયના ચીફ મિનિસ્ટર બદલાય એટલે વહીવટી તંત્રમાં બદલાવ આવે છે. કામ કરવાની પદ્ધતિ બદલાય છે. એક બાબત એ પણ સાચી છે કે લિડર બદલાય એટલે વિકાસ તો થાય છે પરંતુ શરૂઆતમાં વિકાસની રફતાર ઉપર અસર પડતી હોય છે. હાલના મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબહેન પટેલ તેમના કામમાં કમિટેડ છે. ઓફિસમાં સતત હાજરી અને નરેન્દ્ર મોદીની જેમ કામનો પરિશ્રમ તેઓ પણ કરે છે. તેઓ શરૂઆતથી મોદી સરકારમાં સામેલ છે તેથી હયાત

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાતમાં કચ્છ અને ખંભાતનો અખાત હવે ટાઈડલ વીજળી આપશે

## ન્યૂ ગાંધીનગરને નર્મદા જળ મળશે પરંતુ તેના દામ ચૂકવવા પડશે



# સે. ૨ માં ઉભરાતી કચરાપેટીઓની દુર્ગંધથી વસાહતીઓ ત્રાહિમામ

## ગાય-આખલાઓ અને વધી રહેલા ઝૂંપડપટ્ટીના દૂષણ સામે કોર્પો.ના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જાગશે ?

ગાંધીનગર, તા. ૩

સેક્ટર-૨ ના વસાહતીઓ માટે ઉભરાતી કચરાપેટીઓ માથુ ફાડી નાખતી દુર્ગંધ તથા ગાયો ને આખલાઓના ત્રાસે જીવવાનું નર્ક સમાન અને ભયગ્રસ્ત બનાવી દીધુ છે.

સેક્ટર-૨ માં મેઈન શોપીંગ સેન્ટર જવાના રસ્તે, ગાર્ડન પાસેની તથા શોપીંગ સેન્ટરથી સ્વામિનારાયણ મંદિર જવાના રસ્તા પરની કચરાપેટીઓ કાયમ ઉભરાયેલી જ રહે છે અને તેને સમયાંતરે નિશ્ચિતરૂપે ખાલી કરવાની વ્યવસ્થાના અભાવે તેની આસપાસ કચરાના ઢગ જમા થયેલા જોવા મળે છે. વરસાદી મોસમમાં તેનો કહોવાટ એવી બદબુ ફેલાવે છે કે ત્યાંથી પસાર થનાર અને આજુબાજુમાં રહેલા વસાહતીઓ માટે સાક્ષાત નર્કાગારનો જ અનુભવ થઈ પડે છે. એટલું જ નહીં રોગચાળાનો ભય પણ સર્જાય છે. વળી આ કચરાપેટીઓ પાસે સવારે આખલા ને ગાયોનો ત્રાસ ત્યાંથી પસાર થતા રાહદારીઓ માટે ભયજનક બની રહે છે. આ ગાયો-આખલાઓએ ઘણાને ગંભીર ઈજાઓ પહોંચાડ્યાના કિસ્સા પણ બન્યા છે.

સેક્ટર-૨ ના વસાહતીઓ જ નહીં, હાલ સ્વામિનારાયણ મંદિરમાં ચાલતા શ્રાવણ માસના હિંડોળાના દર્શને આવતા આસપાસના લોકો માટે પણ આ ગંદકી, દુર્ગંધ અને

● અનુસંધાન પાન-૭ પર

# સ્થાપના દિવસે ૮૮૨ દર્દીઓની દૃષ્ટિ ચકાસણી કરવામાં આવી

## ડાયાબિટીશના ૪૬ અને આંખના ૧૩૦ દર્દીઓ નવા શોધાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ૫૦ મા સ્થાપના દિનની ઉજવણી અન્વયે મહાનગરપાલિકા અને તેજ આઈ સેન્ટરના સહયોગથી ફ્રી નેત્ર નિદાન તેમજ ડાયાબીટીશ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન ૮૮૨ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. આંખના ૧૩૦ દર્દીઓ શોધી કાઢવામાં આવ્યા હતા.



સ્થાપના દિન નિમિત્તે યોજાયેલા આ કેમ્પમાં ડાયાબિટીસના ૮૨૯, હાઈ ડાયાબિટીશના ૧૧૮ દર્દીઓ તપાસવામાં આવ્યા હતા. જ્યારે ડાયાબિટીશના નવા ૪૬ દર્દીઓ મળી આવ્યા હતા. તેજ આઈ ફાઉન્ડેશન દ્વારા સે. ૨, ૭, ૨૧, ૨૪ અને સે. ૨૯માં પણ નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આંખ રોગના નિષ્ણાત ડૉ. તેજલ દલાલે આંખના ૧૩૦ દર્દીઓ શોધી કાઢ્યા હતા. નગરના સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત યોજાયેલા આ કેમ્પનો વિશેષ સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો. ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણાએ પણ કેમ્પમાં દૃષ્ટિ ચકાસણી કરાવી હતી.

# શ્રાવણમાં બ્રહ્મા, વિષ્ણુ, કુબેર અને ઈન્દ્ર પણ શિવજીની આરાધના કરે છે

## શિવલીંગ પર બિલીપત્ર, ધતુરાનું ફળ, ભાંગનો ગોળો, મધ-સરસિયું અર્પણ કરવાથી ભાવિકના મનોરથ સિધ્ધ થાય છે : સ્વામી વૈરાગ્યનંદજી

ગાંધીનગર, તા. ૩

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે ભાવિકો તન, મન, ધનથી ભોળાનાથની ભકિત કરવામાં તલ્લીન બન્યા છે. શિવ મંદિરોમાં ભાવિકોની ભીડ જોવા મળે છે. શિવજીને બિલીપત્ર અને જળાભિષેક કરી ભોળાનાથની કૃપા દૃષ્ટિ મેળવવા વૈવિધ્યસભર પૂજા અર્ચના કરવામાં આવે છે. પરંતુ પવિત્ર શ્રાવણ મહીના દરમિયાન ભગવાન શિવની પૂજા-શાસ્ત્રોકત વિધિ અને પવિત્ર રીતે જ થાય તે પણ મહત્વનું છે. શ્રાવણ મહિનાને શિવમાસ પણ કહેવાય છે. આ દરમિયાન સ્વયં બ્રહ્મા, વિષ્ણુ, કુબેર, નારદ અને ઈન્દ્ર પણ ભગવાન શિવની પુજા અર્ચના કરે છે.



શ્રાવણ મહીના દરમિયાન ભોળાનાથની યોગ્ય પૂજા થાય તે જરુરી છે. આ અંગે પંચાયતી નિરંજની અખાડાના સંત પૂ. વૈરાગ્યનંદજી મહારાજે જણાવ્યું હતું કે શ્રાવણ માસ દરમિયાન પ્રાણી માત્ર એ ભગવાન શિવને તીર્થાજળ અર્પણ કરવું જોઈએ. 'ઓમ જુમ કા નમઃ શિવાય શિવાય નમઃ'ના મંત્રોચ્ચાર સાથે શિવલીંગ પર જળાભિષેક કરીને પૂજા કરવી. આ દરમિયાન શિવજીને વિશેષ પ્રિય બિલીપત્ર, ધતુરાનું કાંટાવાળું ફળ, ભાંગનો ગોળો, ખીર ભોળાનાથને અર્પણ કરવાથી ઋણથી મુકત થવાય છે અને પુત્ર પ્રાપ્તિ થાય છે. જયારે સરસિયાના તેલનો અભિષેક કરવાથી શત્રુનો નાશ થાય છે. આ સમગ્ર સાધના ચાર સોમવાર નિયમિત કરવાથી મનોરથ સિધ્ધ થાય છે. જેનું નામ મનોકામના અભિષેક છે. સાંજના સમયે શિવલીંગ પર મધનો લેપ કરીને પૂજા કરવાથી પુરુષોના મનોરથ પૂર્ણ થાય છે. આ ઉપરાંત ગાયના ગોબરની રાખ કપડાથી ગાળી ખાતર લગાવીને પણ શિવજીને અર્પણ કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભાવિકોએ પેન્ટ કે બેલ્ટ પહેરીને શિવ મંદિરમાં જવું ન જોઈએ. પિતાંબર પહેરીને કપાળે ચંદન લગાવી પવિત્ર ભાવ સાથે ભોળાનાથની ભકિત કરવાથી ૧ હજાર ટકા આર્શીવાદ પ્રાપ્ત થાય છે. કારણ કે ભગવાન પણ સુપાત્રને દર્શનમાં નિહાળે છે!



# ગાંધીનગરનો જન્મદિવસ કલ્પતરૂમાં ઉજવાયો

## કલ્પતરૂ ખાતે નરેન્દ્ર મોદીના ગુરૂજીએ કેક કાપી ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૩

વડનગર એ ગુજરાતની પ્રાચીન રાજધાની છે. આ વડનગરે ગાંધીનગરને બે મહાન હસ્તીઓ આપી છે. નરેન્દ્ર મોદી કે જેમણે ૧૨ વર્ષ મુખ્યમંત્રી પદ શોભાવી હાલ દિલ્હી વડાપ્રધાન પદે બિરાજમાન છે. જ્યારે બીજા ધીરૂભાઈ પટેલ કે જેમણે ગાંધીનગરમાં કલ્પતરૂ કંપનીની સ્થાપના કરી છે અને એના હજારો પરિવારો ગાંધીનગરમાં ગર્વથી જીવે છે. આ લાગણીસભર શબ્દો ગાંધીનગરના ૫૦મા સ્થાપના દિનની ઉજવણીએ ગોરધનભાઈ પટેલના હતા.

સે. ૨૭માં રહેતા ગોરધનભાઈ પટેલ નરેન્દ્ર મોદીના ગુરૂજી હતા.

● અનુસંધાન પાન-૭ પર





મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

**ભાડે આપવાનું છે**
સેક્ટર-૨૬, જી.આઈ.ડી.સી., વિડીયોકોનની પાછળ, કુલ-૪૨૦૦ ચો. ફુટ હોલ(કારપેટ) ૩૦ એચ.પી. લાઈટ કનેક્શન સાથે, ગોડાઉન તથા ઈન્ડસ્ટીઝ માટે
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

**ભાડે આપવાનું છે**
(ઈન્ડસ્ટ્રીઝ તથા ગોડાઉન માટે)
પ્લોટ નં. ૧૦૧/૧/૪, પ્રાઈમ લોકેશન, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, સેક્ટર-૨૮ના બગીચાની સામે, બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, કુલ ૫૧૦૦ ચો.ફૂટ (કારપેટ) જલારામ આઈસની સામે, ઉમા વે-બ્રીજના ખાંચામાં
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com




SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com